

# ધ્યાન થકી જ્ઞાન દીપક ! પ્રજ્વલન આત્મ સાધના

**આ જગત આખું ક્ષણિક છે ને આત્મા એક નિત્ય છે.**
**આત્માનો અનુભવ બસ એક માત્ર નિત્ય છે.**

ચૈતન્ય સ્વભાવી ભગવાન આત્મા અનાદિ અનંત શુદ્ધ ચૈતન્ય માત્ર છે, જ્ઞાન માત્ર છે. હું શુદ્ધ ચૈતન્ય માત્ર, જ્ઞાન માત્ર, ભગવાન આત્મા છું. ત્રણ લોકના કોઈ પણ પ્રદેશ ઉપર રહીને પણ, હું ચૈતન્ય પ્રદેશો ઉપર જ સ્થિત રહું છું. હું દેહ રૂપી રાખની દીવાલનો પાડોશી ચૈતન્ય પરમાત્મા છું. હું પોતાના ચૈતન્ય મહેલની જ્ઞાનની બારીમાંથી મારી પાડોશી રાખની દીવાલને માત્ર જાણું છું, માત્ર દેખું છું. રાખની દીવાલના માતા, પિતા, ભાઈ, બહેન, પુત્ર, પુત્રી, પરિવાર જન અતિ અતિ દૂરવર્તી છે. ધનનો પડેલો ઢગલો ધૂળની દીવાલ, ભૌતિક મહેલ માટીની દીવાલ, શરીર રાખની દીવાલ અને સાંસારિક સંબંધો કાંચની દીવાલ છે. આ દીવાલોથી બનેલો સંસાર રૂપી હવામહેલ પોતાપણું કરવા યોગ્ય નથી. ચૈતન્ય રસના ઘન પિંડમાં પર દ્રવ્ય તો દૂર, પરભાવને પણ પ્રવેશ કરવા માટે ખાલી જગ્યા નથી. પ્રશંસા કરનાર વ્યકિતની વાણી અને નિંદા કરનાર વ્યક્તિની વાણી તો દૂર, વાણીના વિકલ્પ પણ મારામાં પ્રવેશ કરી શકતા નથી. જ્ઞાન જાણે છે, તે ઝુકતું નથી અને રાગ ઝુકે છે, તે જાણતો નથી. રાગ વગેરે વિકલ્પ રૂપી વૈતરણી અધોલોકમાં વહે છે, ચૈતન્ય મધ્યલોકમાં જ્ઞાનની ગંગા જ વહે છે. ચૈતન્ય સત્તા પોતે રાગ વગેરે વિકલ્પ તથા શરીરની ક્રિયા કરવા જતી નથી, તેથી રાગ વગેરે વિકલ્પ તથા દેહની ક્રિયાની કર્તા નથી. હું ચૈતન્ય સત્તા માત્ર છું.

🙏 ॐ- ॐ -ॐ 🙏